
નમો નમો નિમ્મલદંસણસ્સ

બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

પૂજ્યશ્રી આનંદ–ક્ષમા–લલિત–સુશીલ–સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# ૧૨.ઔપપાતિક

## સટીક વિષયાનુક્રમ




વિષયાનુક્રમ રચયિતા

आगम दीवाकर डो.मुनि दीपरत्नसागरजी

[ M.Com. M.Ed. Ph.D. श्रुतमहर्षि ]


આગમ વિષયાનુક્રમ શ્રેણી–૧૨

નમો નમો નિમ્મલદંસણસ્સ
બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમ:
પૂજ્યશ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમ:

# ઔપપાતિક
## સટીક વિષયાનુક્રમ

09/11/2021 મંગળવાર ૨૦૭૮ કારતક સુદ ૫

વિષયાનુક્રમ રચયિતા
**આગમ દિવાકર ડો. મુનિ દીપરત્નસાગર**
[M.Com. M.Ed. Ph.D. શ્રુતમહર્ષિ]

: સંપર્ક :
ડો. મુનિ દીપરત્નસાગરજી
'પાર્શ્વ વિહાર' જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે
**Post** ઠેબા, **Dis.** જામનગર, ગુજરાત 361120
**Mobile 9825967397**
jainmunideepratnasagar@gmail.com

આગમ સટીક વિષયાનુક્રમ શ્રેણી-૧૨

## ‘આગમ સટીક વિષયાનુક્રમ’ સંબંધે . આરંભે આટલું કહીશ

આપના કરકમલમાં અમે 'આગમ સટીક વિષયાનુક્રમ’ એવા કોમન નામથી ૪૫ આગમના ૪૫ પુસ્તકો પ્રગટ કરી રહ્યા છીએ. આ પૂર્વે ‘આગમ વિષય અનુક્રમ’ નામે અમે ૪૫ મૂળ આગમોની બૃહત્ અનુક્રમણિકા પ્રગટ કરેલી હતી. હવે દરેક આગમના પ્રત્યેક મૂલસૂત્ર અલગ અલગ મૂકી, તે સાથે તે આગમની ઉપલબ્ધ નિર્યુક્ત અને વૃત્તિ સહિત આ અનુક્રમણિકા બનાવેલ છે. (તેમાં કોઈ કોઈ આગમના ભાષ્ય અને ચૂર્ણી પણ સમાવેલ છે)

'આગમ સટીક વિષયાનુક્રમ’અભ્યાસ પદ્ધતિ —

૧. અમે પ્રત્યેક પેજ ઉપર ત્રણ કોલમ બનાવેલ છે, જેમાં પહેલી કોલમમાં મૂળ, વૃત્તિ, નિર્યુક્તિ, ભાષ્ય વગેરેની ઓળખ મૂ૦, વૃ૦, નિ૦, ભા૦ એવા સંક્ષેપથી કરી છે. બીજી કોલમમાં અંક મૂકેલ છે, જે અંક મૂળસૂત્ર કે નિર્યુક્તિ વગેરે સૂચવે છે. જેમ કે ‘મૂ૦ ૨૪’એટલે તે આગમનું ૨૪ મું મૂળ સૂત્ર.

૨. અમે સૂત્ર અનુક્રમને નોર્મલ બ્લેક ટાઈપમાં મૂકેલ છે, જ્યાં ગાથા આવી તેનો અનુક્રમ નોર્મલ બ્લુ ટાઈપમાં, નિર્યુક્તિ, ભાષ્ય અને ચૂર્ણીનો અનુક્રમ ઈટાલિક બ્લેક ટાઈપમાં છે. વૃત્તિ અનુક્રમ લાલ ટાઈપમાં મૂકેલ છે.

૩. અમે મૂકેલ અંક મુજબ અમારા કોઈપણ આગમ પ્રકાશનમાં જઈ તે સૂત્ર,નિર્યુક્તિ,વૃત્તિ આદિ શોધવા અતિ સરળ છે. તમે ફક્ત તે આગમ ખોલો, અહીં આપેલ સૂત્રાંક જોઈને તે આગમમાં તે જ સૂત્રક્રમ સુધી જાઓ, તમારી પસંદનુ સૂત્ર વાંચી શકશો. જેમ કે– તમે આચારસૂત્રની અનુક્રમણિકામાં એક વિષય પસંદ કર્યો, તેનો ક્રમ છે ‘મૂ૦ ૨૪’ તો તમે અમારા કોઈપણ આગમ પ્રકાશનમાં જઈ આચારસૂત્ર કાઢી, ૨૪ મું સૂત્ર ખોલો,તમારો વિષય મળી જશે

વિશેષ લાભ — બધાં પ્રકાશનોમાં સમાન ક્રમાંકન હોવાથી આ ગ્રંથની મદદથી આપ અમારા પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી કે હિન્દી; કોઈપણ ભાષામાં અને મૂલઆગમ કે સટીક, એ બંનેમાંથી કોઈપણ સ્વરૂપે આપના ઈચ્છિત વિષયનો અભ્યાસ કરી શકો છો. વળી ચારે ભાષાની તુલના દ્વારા કે મૂલ સૂત્ર અથવા તેના વિવેચન વડે આપના વિષયની તલસ્પર્શી માહિતીને સરળતાથી જાણી શકોછો કે ગહનતાથી સમજી શકો છો.

.....મુનિ દીપરત્નસાગર...

# ૪૫– આગમ વર્ગીકરણ

શ્વેતાંબર મૂર્તિપૂજક વર્તમાન પરંપરા મુજબ આગમોની સંખ્યા ૪૫ નિર્ધારિત કરાયેલી છે, આ ૪૫ આગમોનું વર્ગીકરણ છ વિભાગોમાં કરાયેલ છે. તે આ

11– અંગ, 12– ઉપાંગ, 10– પયન્ના, 6– છેદ, 4– મૂલ, 2– ચૂલિકા.

[૧] અંગસૂત્રો – [૧૧]

૧. આચાર, ૨. સૂયગડ, ૩. ઠાણ, ૪. સમવાય, ૫. વિવાહપન્નત્તિ,
૬. નાયાધમ્મકહા, ૭. ઉવાસગદસા, ૮. અંતગડદસા,
૯. અનુત્તરોપપાતિકદસા, ૧૦. પણ્હાવાગરણ, ૧૧. વિવાગસૂય

[૨] ઉપાંગસૂત્રો– [૧૨]

૧.ઉવવાઈઅ, ૨.રાયપ્પસેણિય, ૩.જીવાજીવાભિગમ, ૪.પન્નવણા,
૫.સૂરપન્નત્તિ, ૬.ચંદપન્નત્તિ, ૭.જંબૂદ્વીપપન્નત્તિ, ૮. નિરયાવલિયા,
૯.કપ્પવડિંસિયા, ૧૦.પુપ્ફિયા, ૧૧.પુપ્ફચૂલીયા, ૧૨.વણ્હિદસા.

[૩] પયન્નાસૂત્રો – [૧૦]

૧. ચઉસરણ, ૨.આઉરપચ્ચક્ખાણ, ૩.મહાપચ્ચક્ખાણ,
૪.ભત્તપરિણ્ણા, ૫.તંદુલવેયાલિય, ૬.સંથારગ, ૭.ગચ્છાચાર,
૮.ગણિવિજ્જા, ૯.દેવિંદત્થવ, ૧૦. મરણસમાહિ.

[૪] છેદસૂત્રો – [૬]

૧.નિસીહ, ૨.બૃહતકપ્પ, ૩.વવહાર, ૪.દસાસુયક્ખંધ,
૫.જીયકપ્પ, ૬.મહાનિસીહ

[૫] મૂલસૂત્રો – [૪]

૧.આવસ્સય, ૨.ઓહનિજ્જુત્તિ (પિંડનિજ્જુત્તિ),
૩.દસવેયાલિય, ૪.ઉત્તરજ્ઝયણાણિ

[૬] ચૂલિકાસૂત્રો –[૨]

૧.નન્દીસૂત્ર , ૨. અનુયોગદ્વાર.

આગમ સંબંધી અમારા બધાં જ પ્રકાશનોમાં આ વર્ગીકરણ સ્વીકારેલ છે.

.....મુનિ દીપરત્નસાગર...

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમ:

નમો નમો નિમ્મલદંસણસ્સ

પૂજ્ય શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગૂરૂભ્યો નમ:

# (૧૨) 'ઔપપાતિક' સટીક વિષયાનુક્રમ

| સંજ્ઞા | સંક્ષેપ | કલર | ટાઈપ |
|---|---|---|---|
| સૂ૦ | સૂત્ર | બ્લેક | નોર્મલ |
| ગા૦ | ગાથા | બ્લ્યુ | નોર્મલ |
| *નિ૦* | *નિર્યુક્તિ* | *બ્લેક* | *ઈટાલિક* |
| *ભા૦* | *ભાષ્ય* | *બ્લેક* | *ઈટાલિક* |
| *ચૂ૦* | *ચૂર્ણી* | *બ્લેક* | *ઈટાલિક* |
| **વૃ૦** | વૃત્તિ | રેડ | નોર્મલ |
| ભૂ૦ | ભૂમિકા | બ્લેક | નોર્મલ |

-: સૂચના :-

*જ્યાં 'વિષય અનુક્રમ'માં ૧,૨,૩, એવા ક્રમ જોવા મળે ત્યાં, તે બધી નિર્યુક્તિ, સૂત્ર કે ગાથા આદિનો સંયુક્ત અનુક્રમ સમજાવો. જેમ કે- અહી નિર્યુક્તિ ૨૩, ૨૪, ૨૫ માં ૧,૨,૩ લખ્યું છે, તો ત્યાં ત્રણે નિર્યુક્તિનો સંયુક્ત ક્રમ સમજવો

## ૧૨. આગમ સટીક વિષયાનુક્રમ

| બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમ:<br>નમો નમો નિમ્મલદંસણસ્સ<br>પૂજ્ય શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગૂરૂભ્યો નમ: | | |
|---|---|---|
| **ઔપપાતિક સૂત્ર** | | |
| વૃ૦ | ભૂ૦ | ઔપપાતિક શબ્દનો અર્થ<br>'આચાર'સૂત્રના ઉપાંગ રૂપે 'ઔપપાતિક'નો ઉલ્લેખ<br>'ઉપાંગ' શબ્દનો અર્થ |
| મૂ૦<br><br><br><br><br><br><br><br><br><br><br>વૃ૦ | ૧ | ચંપાનગરીનું અતિ વિસ્તારથી વર્ણન<br>ૠદ્ધિ,સમૃદ્ધિ યુક્ત, મનુષ્યોથી આકીર્ણ, સુંદર માર્ગો વડે શોભિત, પશુ,પક્ષીના સમૂહોવાળી, ધન ધાન્યથી ભરપૂર ચૈત્યોની બહુલતા,ચોરલુંટારા રહિત,નિરુપદ્રવી,ગીચ વસતી છતાં શાંતિમય, ગીત, સંગીત, નૃત્ય યુક્ત, બગીચા, વાવડી સહિત, નંદનવન સદૃશ;<br>વિપુલખાઈ આદિ સુવિધાને લીધે દુષ્પ્રવેશ્ય, પ્રાકાર, ચારિકા, તોરણોથી શોભતી,વણિકક્ષેત્રો, શિલ્પી આવાસોથી શોભિત, સુરમ્ય, અનેક હાથી,ઘોડા,પાલખી,રથથી આકીર્ણ શ્રેષ્ઠ ભવનોથી શોભતી; પ્રાસાદીય,દર્શનીય નગરી...<br>કાળ + સમયનો ભેદ, નગરીનું વર્ણન કરતા ૠદ્ધ, સ્તિમિત, સમૃદ્ધ, પ્રમુદિત વગેરે અનેક શબ્દોનો અર્થ. |
| મૂ૦<br><br><br><br><br><br>વૃ૦ | ૨ | પૂર્ણભદ્ર ચૈત્યનું સુવિસ્તૃત વર્ણન –<br>ચંપાનગરી બહાર ઈશાન ખૂણામાં સ્થિત, ચીરકાલીન, છત્ર, ધજા આદિ યુક્ત, સુંદર વેદિકા, ભીંતો,દરવાજા, પુષ્પ માળા, ધૂપ,નટ આદિ કળાજીવિકો,દેવપ્રાસાદ, દાનપ્રવૃત્તિ;<br>ઉદારપુરુષો માટે અર્ચનીય,વંદનીય આદિ, અનેક લોકો દ્વારા પૂજાને પ્રાપ્ત, ચોતરફ એક મોટા વનખંડથી ઘેરાયેલ હતું<br>અહી ચૈત્ય-વ્યંતરાયતન અર્થમાં છે,<br>ચીર, પોરાણ, વિત્તિક વગેરે અનેક શબ્દોના અર્થ<br>કલ્યાણ આદિ વિશેષણોમાં ચૈત્ય-ઈષ્ટદેવતા પ્રતિમા અર્થમાં |

| | | |
|---|---|---|
| મૂ૦<br><br><br><br><br><br>વૃ૦ | ૩ | વનખંડનું વર્ણન–<br>સુંદર વર્ણાદિથી યુક્ત,પૂર્ણ વિકસિત,મજબૂત મૂળ,થડ,કંદ આદિ યુક્ત વૃક્ષો, નિત્ય કુસુમિતાદિ વિશેષણ યુક્ત મંજરીઓ અનેક વન્યપક્ષીઓ, વિવિધ વનસ્પતિઓ, સુંદર જળાશયો અને ભવનો, દૂર દૂર સુધી ફેલાતી સુગંધના પરમાણુની મહેક, સુરમ્ય, પ્રાસાદીય, દર્શનીય આદિ.<br>કૃષ્ણ, કૃષ્ણચ્છાય વગેરે વર્ણોની વ્યાખ્યા<br>કંદ, સ્કંધ, ત્વક વગેરે વૃક્ષના અવયવોના અર્થ |
| મૂ૦<br><br><br><br><br><br>વૃ૦ | ૪ | અશોકવૃક્ષનું વર્ણન–<br>તૃણાદિ રહિત, નયનરમ્ય અને નીચે રથ આદિ રહી શકે તેવો ભૂમિભાગ, વિવિધ વનસ્પતિ, લતાઓથી વ્યાપ્ત<br>તે અશોકવૃક્ષ, બીજા અનેક વૃક્ષોથી ઘેરાયેલ, સુરમ્ય હતું<br>ફરતા ઘેરાયેલા તિલક, લકુચ વગેરે અનેક વૃક્ષો, બીજી ઘણી પદ્મલતા, નાગલતા આદિ લતાઓથી ઘેરાયેલ હતા<br>અશોક વૃક્ષનું વિશેષ વર્ણન, બીજી વાચના થકી...<br>અશોકવૃક્ષ ઉપર સ્વસ્તિક થી દર્પણ સુધીના આઠ મંગલ, આઠે મંગલોનો અર્થ, તે વૃક્ષ ઉપર કૃષ્ણાદિ વર્ણવાળા ધ્વજો, ઘણા આતપત્રો, ઘંટયુગલ, ચામરયુગલ આદિ હતા... |
| મૂ૦<br><br><br>વૃ૦ | ૫ | પૃથ્વીશિલાપટ્ટ વર્ણન–<br>વિવિધરંગી, આકર્ષક, કોમળ સ્પર્શ, આઠ ખૂણાથી શોભતો, વિવિધ ચિત્રો યુક્ત, સિંહાસન સંસ્થિત હતો.<br>પૃથ્વીશિલાપટ્ટકનું કંઈક ભિન્ન વર્ણન, બીજી વાચના થકી. |
| મૂ૦<br><br>વૃ૦ | ૬ | કોણિક રાજાનું વર્ણન–<br>રાજાના અનેક ગુણો અને વિશેષતાઓનું કથન.<br>રાજાના ગુણો અને વિશેષતા દર્શક શબ્દોની વ્યાખ્યા |
| મૂ૦<br><br>વૃ૦ | ૭ | કોણિકની રાણી ધારિણીનું વર્ણન–<br>રાણીના સૌંદર્ય + રાજા પ્રત્યે તેણીની અનુરક્તતાનું વર્ણન<br>રાણીના સૌંદર્યદર્શક શબ્દોની વ્યાખ્યા<br>બીજી વાચનામાં કરાયેલ રાણીનું વિશેષ વર્ણન |

## ૧૨. આગમ સટીક વિષયાનુક્રમ

| | | |
|---|---|---|
| મૂ૦ | ૮ | ભ૦ મહાવીરના વૃત્તાંતનો કથક પુરુષ–<br>દૈનિક વેતન અને ભોજનથી નિયુક્ત પુરુષો |
| મૂ૦<br>વૃ૦ | ૯ | કોણિક રાજાના ગણનાયક, દંડનાયકાદિ અધિકારી વર્ગ<br>ભંભસારપુત્ર, ગણનાયક વગેરે શબ્દોની વ્યાખ્યા |
| મૂ૦<br><br><br><br><br>વૃ૦ | ૧૦ | ભ૦ મહાવીરનું વર્ણન–<br>ભગવંતની ઉપમાઓ (શક્રસ્તવ કથિત),ભગવંતના દેખાવ, અંગોપાંગ,હસ્તરેખા,અતિશયો,પ્રાતિહાર્ય લક્ષણ.ચિહ્ન, ગુણો, નિર્ગ્રંથપ્રવચન ઉપદેશક, સાધુ સાધ્વી સંખ્યા વર્ણન<br>શ્રમણ, ભગવંત, મહાવીર તથા આદિકર વગેરે શક્રસ્તવના બધા શબ્દો, અરહંત,જિન આદિ વિશેષણો, તેમના અંગ+ ઉપાંગ આદિ વર્ણવતા શબ્દો, તેમના અતિશયો વગેરે બધાની વિશદ વ્યાખ્યા તેમજ બીજી વાચનાની કેટલીક વિગતો. |
| મૂ૦ | ૧૧ | ભ૦નું ચંપાનગરીમાં આગમન,<br>પ્રીતિવાદકનું કોણિક પાસે વિધિવત આગમન,જય વિજયથી વધાવવું અને કોણિકને ભગવંત આગમનનું કથન કરવું |
| મૂ૦<br><br><br>વૃ૦ | ૧૨ | ભગવંતનું આગમન સાંભળતા હર્ષિત થયેલ રાજાનું વર્ણન સ્વસ્થાનેથી કરેલ વિધિવત ભાવવંદન,શક્રસ્તવ વડે સ્તુતિ સંદેશ વાહકને પ્રીતિદાન, વિશેષ સંદેશ માટે આજ્ઞા<br>પ્રીતિદાનની સંખ્યા, આવશ્યકનો મત, દાનસંખ્યા નિવેદન |
| મૂ૦<br>વૃ૦ | ૧૩ | ભ૦ મહાવીરનું નીકટ આગમન, તે પ્રભાતનું વર્ણન<br>પ્રભાત અને સૂર્યના વિશેષણોનું વર્ણન |
| મૂ૦ | ૧૪ | ભગવંતના અંતેવાસીનો પૂર્વ પરિચય–<br>તે શ્રમણોના જાતિ,કુળ, રૂપ, વિજ્ઞાનાદિ વર્ણન અને તેમણે કરેલ કામ+ભોગના ત્યાગ સંબંધી કથન,<br>તે શ્રમણોનો ભિન્ન ભિન્ન દીક્ષા પર્યાય. |
| મૂ૦<br><br>વૃ૦ | ૧૫ | તે શ્રમણોની જ્ઞાનસંપદા, બળ, શાપ કે અનુગ્રહ સામર્થ્ય, વિશિષ્ટ લબ્ધિ+શક્તિ,તપશ્ચરણ, માસિકીપ્રતિમાદિ વર્ણન<br>મનોબલિ આદિ, ખેલૌષધિ આદિ લબ્ધિઓની વ્યાખ્યા, વિવિધ તપ અને પ્રતિમાઓની વિધિ તથા વર્ણન |

| | | |
|---|---|---|
| મૂ૦<br><br><br><br>વૃ૦ | ૧૬ | ભ૦ મહાવીરના સ્થવિર શિષ્યોનો પરિચય–<br>જાતિ કુળ આદિ સંપન્નતા, ઓજસ્વીતા આદિ, ક્રોધાદિજયી, વ્રત ગુણાદિ પ્રધાનતા, સંયમાદિ ગુણો, બહુશ્રુતતા, ભાષા જ્ઞાન આદિ અનેક વિશેષતા વર્ણન<br>શ્રમણોની વિશેષતા સૂચક બધા શબ્દોના અર્થ કે વ્યાખ્યા |
| મૂ૦<br><br><br><br>વૃ૦ | ૧૭ | ભ૦ મહાવીરના અણગારોનું સ્વરૂપ–<br>ઈર્યા આદિ સમિત, મનગુપ્ત આદિ ગુપ્ત વગેરે સંયમગુણો, અણગારની વિવિધ ઉપમાઓ,દ્રવ્ય આદિ પ્રતિબંધરહિતતા, વિહારવિધિ, તેઓના સમભાવપણાની ઉપમા<br>ઈર્યાસમિતિ આદિ બધા પદોની વ્યાખ્યા<br>કાળનું સ્વરૂપ– સમયથી અયન સુધી |
| મૂ૦ | ૧૮ | ભ૦મહાવીરના શિષ્યોનો તપ–બાહ્ય, અભ્યંતર બંને છ ભેદે |
| મૂ૦<br><br><br><br><br><br><br>વૃ૦ | ૧૯ | બાહ્ય તપના ભેદ.પ્રભેદ–<br>અનશન, ઉણોદરી, ભિક્ષાચર્યા આદિ છ બાહ્ય ભેદો<br>અનશનના ઈત્વરિક, યાવત્કથિક વગેરે ભેદો;<br>ઉણોદરીના ઉપકરણાદિ દ્રવ્ય અને અલ્પઝંઝાદિ ભાવ ભેદો<br>ભિક્ષાચર્યા, રસપરિત્યાગ, કાયકલેશના અનેક ભેદોનું કથન<br>પ્રતિસંલીનતાના ઈન્દ્રિય+કષાય આદિ ૪ ભેદ, ઈન્દ્રિયાદિ ચારે પ્રતિસંલીનતાના પેટા પેટા ભેદોની વ્યાખ્યા<br>બાહ્યતપના ઉક્ત સર્વે ભેદો–પ્રભેદોની વ્યાખ્યા |
| મૂ૦<br><br><br><br><br><br><br><br>વૃ૦ | ૨૦ | અભ્યંતર તપના ભેદ+પ્રભેદનું વિસ્તૃત વર્ણન<br>પ્રાયશ્ચિત્તના આલોચનાયોગ્ય આદિ ૧૦ ભેદ.<br>વિનયના ૭ ભેદો– જ્ઞાન, દર્શન, ચારિત્ર, મન, વચન, કાય અને લોકોપચાર વિનયના પેટા ભેદો.<br>વૈયાવચ્ચના ૧૦ ભેદો– આચાર્ય વૈયાવચ્ચ વગેરે<br>સ્વાધ્યાયના ૫ ભેદો– વાચના, પૃચ્છના વગેરે<br>ધ્યાનના ૪ ભેદ– આર્ત્ત,રૌદ્ર,ધર્મ,શુક્લ; ચારેના પેટા ભેદો, લક્ષણો તથા ધર્મ + શુક્લધ્યાનના આલંબનો, અનુપ્રેક્ષા.<br>અભ્યંતર તપના બધા ભેદો–પ્રભેદોની વ્યાખ્યા |

| | | |
|---|---|---|
| મૂ૦<br><br><br><br>વૃ૦ | ૨૧ | ભ૦મહાવીરના શિષ્યોનું શ્રુતજ્ઞાન–આચારથી વિપાક સુધી.<br>સાધુઓ– વાચના, પૃચ્છના, અનુપ્રેક્ષા, ૪ ભેદે ધર્મકથારત.<br>સંસાર સાગરનું વિસ્તૃત શબ્દ ચિત્ર, તેની પારગમિતા,<br>તે શિષ્યોના વિશિષ્ટ ગુણો, મોક્ષ સાધકતા<br>ગચ્છ,ગુલ્મ,વાચનાદિ, ઉર્ધ્વજાનૂ,કર્મ,સંવરઆદિ શબ્દોનો<br>અર્થ; સંસારને સાગરની ઉપમાથી કરાયેલ વર્ણનની સમજ |
| મૂ૦<br><br><br><br>વૃ૦ | ૨૨ | ભ૦ મહાવીરની પર્ષદામાં અસુરદેવોનું આગમન<br>અસુરોના વર્ણ આદિ, આકૃત્તિ,વય,ચિહ્ન, વસ્ત્ર,આભુષણ,<br>ઋદ્ધિ આદિનું વર્ણન,<br>ભ૦ મહાવીરને કરેલ પ્રદક્ષિણા, વંદન આદિ વિધિનું કથન<br>બીજી વાચનામાં તેઓના નામ,ગોત્ર આદિનું કથન |
| મૂ૦ | ૨૩ | ભ૦મહાવીર પાસે શેષ ૯ ભવનપતિનું આગમન,તેના ચિહ્નો |
| મૂ૦<br><br>વૃ૦ | ૨૪ | ભ૦ મહાવીર પાસે વ્યંતરદેવોનું આગમન, તેના ૧૬ ભેદોના<br>નામ, સ્વભાવ, આભરણ, વસ્ત્ર આદિનું કથન<br>ભુજગપતિ અને ગંધર્વપતિની ઓળખ,<br>ભવનપતિ આદિ ચારે નિકાયના દેવોની ઊંચાઈ,<br>વ્યંતરોનું નિવાસસ્થાન, સ્વભાવ અને ચિહ્નોનું કથન |
| મૂ૦ | ૨૫ | ભ૦ મહાવીર પાસે જ્યોતિષ્ક દેવોનું આગમન,<br>ગ્રહ, નક્ષત્ર, તારા વગેરે, તેના વર્ણ અને ચિહ્નો |
| મૂ૦<br><br>વૃ૦ | ૨૬ | ભ૦ મહાવીર પાસે વૈમાનિક દેવોનું આગમન,<br>દેવલોકના નામ, વિમાનો નામ, ચિહ્ન, વર્ણ, આદિનું કથન<br>બીજી વાચનામાં વૈમાનિકની વિશેષ વ્યાખ્યા,<br>તેમના સામાનીક, ત્રાયસ્ત્રિંશક, લોકપાલ, અગ્રમહિષી,ત્રણે<br>પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ વગેરેનું કથન<br>બીજી 'પ્રતિ'માં દેવીઓનું વિસ્તૃત વર્ણન |
| મૂ૦ | ૨૭ | ભ૦ મહાવીરના આગમનની ચંપાનગરીમાં ચર્ચા,<br>ભગવંતના વંદન, પર્યુપાસના આદિ માટે જવાની વિચારણા<br>તેમના વંદન, નમન, સત્કાર આદિથી થતો લાભ<br>ઉગ્ર+ઉગ્રપુત્રો આદિનું વંદન,પૂજન અર્થે ભ૦ પાસે ગમન. |

| | | |
|---|---|---|
| મૂ૦ | ૨૮ | પ્રવૃત્તિ નિવેદક દ્વારા પૂર્વવત નિવેદન,કોણિકરાજા વડે સાડા બાર લાખનું પ્રીતિદાન આપી, સત્કારીને વિદાય આપવી |
| મૂ૦ | ૨૯ | કોણિકનું બલવ્યાપૃતને બોલાવવું, પટ્ટહસ્તિ, ચાતુરંગિણી સેના, અંતઃપુર આદિ સાથે ભ૦પાસે વંદનાર્થે જવાની તૈયારી |
| મૂ૦<br><br><br><br><br>વૃ૦ | ૩૦ | બલવ્યાપૃત વડે હસ્તિવ્યાપૃતને હસ્તિરત્ન અને સેના સજ્જ કરવા સૂચના, હસ્તિરત્નને સજાવ્યો, તેનું વર્ણન<br>યાનશાલિકને યાત્રાભિમુખ વાહન તૈયાર કરવા સૂચના<br>યાનનું પ્રત્યુપ્રેક્ષણ અને યાનને સજાવી તૈયાર કરવા<br>આજ્ઞાપાલન કરીને કોણિકને બલવ્યાપૃત દ્વારા નિવેદન<br>બીજી વાચનાના કેટલાક પાઠ કે પાઠાંતરનો ઉલ્લેખ |
| મૂ૦<br><br><br><br><br>વૃ૦<br><br><br>મૂ૦<br><br><br><br><br><br>વૃ૦ | ૩૧<br><br><br><br><br>૩૧<br><br><br>૩૧<br><br><br><br><br><br>૩૧ | કોણિકરાજાને બલવ્યાપૃત વડે નિવેદન બાદ કોણિક દ્વારા વ્યાયામ, તેને તૈલમર્દન,સ્નાન, વસ્ત્ર,આભુષણાદિ વર્ણન. રાજાનું વિશેષ વર્ણન– કલ્પવૃક્ષ જેવો શોભિત, છત્ર,ચામર, જય શબ્દ સહ સ્નાનગૃહથી નીકળવું, અનેક ગણનાયક આદિ વડે પરિવરિત, હસ્તિરત્ન ઉપર આરૂઢ થવું.<br>વ્યાયામ, શતપાકાદિ તેલ, અભ્યંગન, તૈલચર્મ, શુભોદકાદિ આભરણ, કાલાગરુ આદિમાં વર્ણિત શબ્દોના અર્થ.<br>અધિકૃત સિવાયની બીજી વાચનનો મત.<br>કોણિકરાજા, હસ્તિરત્ને આરૂઢ થઇ ચાલ્યો,તે પૂર્વે અષ્ટમંગલ સ્વસ્તિક યાવત દર્પણ ચાલ્યા, રાજ્ય ચિહ્નોના નામ, ગમન વ્યવસ્થાનું વિસ્તારથી વર્ણન.<br>અશ્વ,ગજ,રથ,પૈદલ સેનાનું, વાદ્યોનું વર્ણન,<br>સ્તુતિપાઠકનું વર્ણન,<br>કોણિક રાજાની શોભા, ઋદ્ધિ, અનુગામી સેનાદિનું વર્ણન<br>અધિકૃત સિવાયની બીજી વાચનનો મત.<br>અષ્ટમંગલ ના નામ– સ્વસ્તિક, શ્રીવત્સ,નન્દ્યાવર્ત્ત વગેરે |
| મૂ૦ | ૩૨ | અનેક જનગણ દ્વારા ઈષ્ટ,કાન્ત વાણી વડે જય વિજય શબ્દો થકી વધાવાતા, શુભશબ્દ સૂચક આશીર્વચન સાથે કોણિક રાજાનું ભગવંત વંદનાર્થે ગમન. |

| | | |
|---|---|---|
| | | ચંપાનગરી મધ્યે હજારો નયનમાલાથી જોવાતો યાવત કોમલ વાણીથી કુશળ વાર્તા પૂછાતો નીકળ્યો,<br>ભગવંત મહાવીર સમીપ પહોંચતા કોણિક વડે પાંચ રાજચિહ્ન ત્યાગ, સચિત્તદ્રવ્યત્યાગાદિ પાંચ અભિગમ વિધિ સાચવવી<br>ભગવંતને પ્રદક્ષિણા, વંદન, શ્રવણ વિધિની સાચવણી |
| વૃ૦ | ૩૨ | બીજી વાચનામાં તંત્રી, તલ, તાલ આદિના સ્વરનું કથન |
| મૂ૦ | ૩૩ | સુભદ્રાદિ રાણીઓનું સુસજ્જિત થવું, અનેક દાસી સાથે જવું, તેનું વર્ણન, ભગવંતને વંદન વિધિ, અભિગમ સાચવણી |
| મૂ૦<br><br><br><br><br><br><br><br>વૃ૦ | ૩૪ | વિશાળ ધર્મસભા સમક્ષ ભગવંત મહાવીરની દેશના,<br>શ્રવણાર્થે આવેલ પર્ષદા અને ભગવંતની વાણીનું વર્ણન.<br>આર્યો તથા અનાર્યોને સ્વભાષામાં પરિણમતી 'અર્ધમાગધી' ભાષામાં પ્રભુની દેશના–<br>લોક.અલોક, જીવ.અજીવ, બંધ.મોક્ષ, અરિહંતાદિ, નરકાદિ ગતિ, પ્રાણાતિપાતાદિ વિરમણ, ક્રોધાદિ વિવેક, અસ્તિવાદ કર્મ અને તેના ફળ ઇત્યાદિ દેશના.<br>આ નિર્ગ્રંથ પ્રવચન સત્ય, અનુત્તર યાવત સર્વ દુખાંતકર છે.<br>દેશના વિશેષ–એક ભવ બાકી હોય તે અણગાર કોઈ દેવલોકે ઉપન્ન થાય, તેનું વર્ણન<br>જીવને નૈરયિકાદિ ચારે ગતિબંધક ચાર ચાર સ્થાનોનુ કથન<br>ભગવંત કેવા સ્વરૂપના ધર્મને કહે છે?<br>પંચાસ્તિકાયમય લોક વગેરેના કથનથી વિવિધ મતખંડન<br>ક્રોધ, માન વગેરે શબ્દોની વ્યાખ્યા<br>બીજી રીતે ધર્મનું કથન–નૈર્ગ્રંથપ્રવચન આદિ શબ્દોનો અર્થ |
| મૂ૦ | ૩૫ | નરકે નૈરયિક વેદના, તિર્યંચમાં શારીરિક.માનસિક દુઃખ |
| મૂ૦ | ૩૬ | માનવ જીવન અનિત્ય,વેદના પ્રચુર. દેવલોકે દેવઋદ્ધિ |
| મૂ૦ | ૩૭ | ભગવંતે નરકાદિ ગતિ, સિદ્ધ, છ જીવનિકાય કહ્યા |
| મૂ૦ | ૩૮ | જીવને બંધ, મોક્ષ, કલેશ અને દુખોનો અંત |
| મૂ૦<br>વૃ૦ | ૩૯ | વ્યાકુળચિત્ત જીવને દુઃખસાગર અને વૈરાગીને કર્મધ્વંસ<br>બીજી વાચનામાં ગાથાનું ક્રમાંતર, તે ગાથાનો શબ્દાર્થ |

| | | |
|---|---|---|
| મૂ૦ | ૪૦ | રાગકૃત કર્મફળ પાપપૂર્ણ, કર્મરહિત સિદ્ધો સિદ્ધાલય પામે<br>ભગવંત દ્વારા બે ભેદે ધર્મનું કથન–અગાર, અણગાર ધર્મ<br>અણગાર ધર્મનું સ્વરૂપ, નિર્ગ્રંથ.નિર્ગ્રંથીનું આરાધકપણું |
| મૂ૦ | ૪૧ | ધર્મકથાની સમાપ્તિ,<br>ભગવંતને પ્રદક્ષિણા, વંદન, નમન<br>લોકો દ્વારા અણગાર + અગાર ધર્મ સ્વીકાર<br>નિર્ગ્રન્થ પ્રવચનમહિમા સ્વીકાર,<br>ધર્મ કહેતા અનુક્રમે ઉપશમ,વિવેક,વિરમણ આદિ કહ્યા;<br>ઉક્ત પ્રશંસા કરી પર્ષદાનું પાછા ફરવું |
| મૂ૦ | ૪૨ | કોણિક વડે પણ પ્રદક્ષિણા, વંદન, જિનવાણી પ્રશંસા |
| મૂ૦ | ૪૩ | સુભદ્રા વડે પણ પ્રદક્ષિણા, વંદન, જિનવાણી પ્રશંસા |
| **સમવસરણ વર્ણન સમાપ્ત** | | |
| | | |
| **ઉપપાત વર્ણન આરંભ** | | |
| મૂ૦ | ૪૪ | ભ૦ મહાવીરના શિષ્ય ગૌતમસ્વામીનું શબ્દ ચિત્રણ<br>ગૌતમસ્વામીને જાતશ્રદ્ધા આદિથી કુતુહલ પ્રશ્નો<br>ભગવંતને પ્રદક્ષિણાદિપૂર્વક વિનયથી અંજલિ જોડી પ્રશ્ન<br><br>અસંયત યાવત્ એકાંત સુપ્ત પાપકર્મથી લેપાય?<br>અસંયત યાવત્ એકાંત સુપ્ત મોહનીય કર્મથી લેપાય?<br>મોહનીયકર્મ વેદને મોહનીય+વેદનીય કર્મબંધ<br>ત્રસપ્રાણઘાતીને નરકે ઉત્પત્તિ વિશે પ્રશ્ન<br>અસંયતની દેવગતિ, વ્યંતર દેવ થવાનું કારણ,<br>વ્યંતર દેવોની સ્થિતિ, ઋદ્ધિ, અનારાધકત્વ,. ઉવવાઈય ..<br><br>અસંયત યાવત્ એકાંતસુપ્તનો મૃત્યુ પછી દેવોમાં ઉત્પાત વિષયક પ્રશ્ન, કઠોર દંડ સહેનાર અને આત્મઘાતકોની વ્યંતર દેવમાં ઉત્પત્તિ, સ્થિતિ.<br>તે દેવોની દેવલોકે સ્થિતિ, ઋદ્ધિ.દ્યુતિ આદિ, આરાધકતા<br><br>ભદ્ર યાવત્ અલ્પારંભી મનુષ્યોની વ્યંતર –દેવમાં ઉત્પત્તિ, સ્થિતિ આદિનું કથન, તે સંબંધે ૩ પ્રશ્નો. |

| | | |
|---|---|---|
| વૃ૦ | ૪૪ | પતિ પ્રવાસે ગયા હોય યાવત્ અનિચ્છાથી બ્રહ્મચર્યપાળતી સ્ત્રીનો વ્યંતર દેવે ઉપપાત આદિ<br><br>અલ્પભોજી મનુષ્યોની વ્યંતર દેવે ઉપપાત આદિ<br>અગ્નિહોત્રિકાદિનો જ્યોતિષ દેવે ઉપપાત આદિ<br>દીર્ઘ શ્રમણપર્યાય, આલોચનાદિ વિના મૃત્યુ, સૌધર્મકલ્પે<br>જાતશ્રદ્ધ, જાતસંશય વગેરે બધા શબ્દોનો અર્થ,<br>અસંયત, અવિરત, અસંવૃત વગેરે શબ્દોનો અર્થ,<br>અંડુબદ્ધગ, નિગલબદ્ધગ, હડીબદ્ધગ આદિ શબ્દોનો અર્થ<br>પ્રકૃતિભદ્રક, પ્રકૃતિઉપશાંતક વગેરે શબ્દોના અર્થ<br>દગબીય, દગતઈય,ગોતમ વગેરે શબ્દોના અર્થ<br>હોતૃક, પોતૃક, કોતૃક વગેરે તાપ્સોની ઓળખ<br>ગામ યાવત સંનિવેશમાં રહેતા પરિવ્રાજકો:- સાંખ્ય, યોગી, કપિલ, ભાર્ગવ વગેરે; તેમાં આઠ પરિવ્રાજકો કહ્યા, તે આ- |
| મૂ૦ | ૪૫ | કૃષ્ણ, કરંડક, અંબડ, પરાસર વગેરે આઠ |
| મૂ૦ | ૪૬ | નિશ્ચે આઠ ક્ષત્રિય પરિવ્રાજકો- |
| મૂ૦ | ૪૭ | શીલધી, શશીધર, નગ્નક, ભગ્નક વગેરે |
| મૂ૦<br>વૃ૦ | ૪૮ | પરિવ્રાજકના શાસ્ત્ર+ આચારવિધિ,<br>ન કલ્પતુ- પાણી, પશુસવારી,વનસ્પતિ સ્પર્શ વગેરે<br>ઉત્કૃષ્ટથી બ્રહ્મલોકે ઉપપાતાદિ<br>(૪૪-૪૮) સમણ,કંદર્પિક,કૌકુચિત,પરિવ્રાજક,શિક્ષાકલ્પ વગેરે શબ્દોના અર્થ |
| મૂ૦ | ૪૯ | અંબડ પરિવ્રાજક કથા,<br>૭૦૦ શિષ્યો, ગ્રીષ્મકાળમાં વિહાર<br>અટવીમાં ભૂલા પડવું, બધાંને પાણી પીવા ઈચ્છા<br>અદત્તાદાન ન લેવાનું વ્રત,<br>નદીની તપેલી રેતીમાં સંલેખના વિચારણા,<br>ભોજન.પાનના પ્રત્યાખ્યાન, અનશનની વિચારણા<br>ભ૦ મહાવીર + ધર્મગુરુ અંબડને વંદનપૂર્વક પાંચ મહાવ્રત ગ્રહણ, ક્રોધ આદિ ૧૩ અને ચારે આહારના પચ્ચક્ખાણ |

| | | |
|---|---|---|
| | | અનશન, અંતિમ આરાધના, સમાધિમૃત્યુ<br>બ્રહ્મલોકે ઉપપાત, સ્થિતિ,<br>પરલોકની આરાધકતા |
| મૂ૦<br><br><br><br><br><br><br><br><br><br><br><br>વૃ૦ | ૫૦ | અંબડ પરિવ્રાજકની સાધના, વૈક્રિયલબ્ધિ દર્શન,<br>અંબડ પરીવ્રાજકને ઉપજેલ અવધિજ્ઞાન લબ્ધિ<br>વીર્ય+વૈક્રિય+અવધિ લબ્ધિવડે ૧૦૦ ઘરોમાં વસવાટ<br>અંબડને અણગારધર્મ નહી, આગાર ધર્મ આરાધના,<br>સમ્યકત્વ દ્રઢતા,વિવિધ પચ્ચક્ખાણો, ન કલ્પતી વસ્તુઓ<br>અંતે અનશન, સમાધિમરણ, બ્રહ્મલોકે દેવ,<br>ત્યાંથી મહાવિદેહે જન્મ, દ્રઢપ્રતિજ્ઞ નામ<br>સ્થિતિપતિતા અને બાળકનું નામકરણ<br>કળા, ભાષાદિનો અભ્યાસ,<br>કામભોગ વિરક્તિ, સ્વજન આદિથી અલિપ્તતા<br>સમ્યકત્વ પ્રાપ્તિ, દીક્ષા, શ્રમણ ધર્મસાધના,<br>કેવળજ્ઞાન, મોક્ષ પ્રાપ્તિ<br>પ્રકૃતિભદ્રકતામાં યાવત શબ્દથી આવતો પાઠ<br>અધિગતજીવાજીવમાં યાવત શબ્દથી આવતો પાઠ<br>પ્રતીપૂર્ણ પૌષધની સમજ, શ્રમણને વહોરાવાતી વસ્તુ<br>અંબડના વિવિધ અભિગ્રહોનું વર્ણન<br>અનર્થદંડના ચાર ભેદોનું કથન<br>૭૨ કળાઓના નામ– લેખ, ગણિત વગેરે |
| મૂ૦ | ૫૧ | આચાર્ય આદિના પ્રત્યનીકની કિલ્બિષકમાં ઉત્પત્તિ<br>જાતિસ્મરણથી દેશવિરત સંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચોની સહસ્રાર<br>કલ્પ પર્યંત ઉત્પત્તિ, સ્થિતિ<br>આજીવિક શ્રમણોની અચ્યુત કલ્પ પર્યંત ઉત્પત્તિ<br>આત્મોત્કર્ષક આદિની અચ્યુત કલ્પ પર્યંત ઉત્પત્તિ<br>પ્રવચન નિહ્નવોની ગ્રૈવેયક પર્યંત ઉત્પત્તિ<br>અલ્પારંભી દેશવિરતની અચ્યુતકલ્પ પર્યંત ઉત્પત્તિ<br>અનારંભી યાવત્ નગ્નભાવ નિર્ગ્રન્થોની મુક્તિ |

| | | |
|---|---|---|
| વૃ૦ | | અવશેષ શુભકર્મા નિર્ગ્રન્થોની સર્વાર્થસિદ્ધે ઉત્પત્તિ<br>સર્વકામ વિરત યાવત્ ક્ષીણ લોભ નિર્ગ્રન્થની મુક્તિ<br>ઉક્ત સર્વેની સ્થિતિ, પરલોકે આરાધક.અનારાધકતા<br>અયશકારક આદિ, આજીવિક મતાનુયાયી, આત્મોત્કર્ષ,<br>બહુરત, સામુચ્છેદિક, પ્રવચનનિહ્નવ, ધાર્મિકાદિ,વધઆદિ<br>અનેક શબ્દોનો અર્થ વિસ્તાર |
| મૂ૦ | ૫૨ | કેવલી સમુદ્ઘાતમાં આત્મા, નિર્જરા પુદગલનો સ્પર્શ<br>છદ્મસ્થને અદૃષ્ટ નિર્જરા પુદ્ગલ,<br>નિર્જરા પુદ્ગલ સૂક્ષ્મતા,<br>જંબૂદ્વીપનો આકાર, લંબાઈ વગેરે માપ,<br>કેવલી સમુદ્ઘાતના કારણો |
| મૂ૦ | ૫૩ | સમુદ્ઘાત કર્યા વિના અનંત કેવલીઓની મુક્તિ+સિદ્ધિગતિ |
| મૂ૦<br><br><br><br><br>વૃ૦ | ૫૪ | આવર્જીકરણના સમય<br>કેવલી સમુદ્ઘાતના સમય, આઠે સમયની ક્રિયા<br>સમુદ્ઘાતમાં માત્ર કાયયોગને જોડે<br>કાયયોગમાં જોડાતા ઔદારિક વગેરે કાયયોગ<br>સમુદ્ઘાતથી નિવૃત્ત થઇ ત્રણે યોગને જોડે<br>કેવલીને સમુદ્ઘાત કરવાનુ કારણ,<br>કેવલી સમુદ્ઘાતના આઠે સમયની પ્રક્રિયાનું વર્ણન<br>કાયયોગના સાત ભેદોનું કથન |
| મૂ૦ | ૫૫ | સયોગીની મુક્તિનો નિષેધ, યોગ નિરોધકાળ, ક્રમ<br>મુક્તામાની અવિગ્રહ ગતિ, મુક્તિ સમયે ઉપયોગ<br>સિદ્ધની સ્થિતિ,<br>સિદ્ધ થનારા જીવનું સંઘયણ, સંસ્થાન,અવગાહના, આયુ,<br>સિદ્ધો ક્યાં વસતા નથી, તેના પ્રશ્નોત્તર<br>સિદ્ધો કયાં વસે છે? સિદ્ધશીલા કે ઈષત્પ્રાગ્ભાર પૃથ્વી પર<br>ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીનું પરિમાણ, સંસ્થાન, સ્વરૂપ વગેરે<br>ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીના બાર નામો,<br>સિદ્ધ ભગવંતની સ્થિતિ (નિવાસ) |

| | | |
|---|---|---|
| મૂ૦ | ૫૬ | સિદ્ધનો વાસ, પ્રતિષ્ઠિતતા, શરીર ત્યાગ અને સિદ્ધિ –૧ |
| મૂ૦ | ૫૭ | સિદ્ધનો વાસ, પ્રતિષ્ઠિતતા, શરીર ત્યાગ અને સિદ્ધિ –૨ |
| મૂ૦ | ૫૮ | આ ભવના સંસ્થાનના પ્રદેશઘન સંસ્થાનરૂપે રહે |
| મૂ૦ | ૫૯ | છેલ્લા ભવના સંસ્થાનના ત્રિભાગ ન્યૂન અવગાહના |
| મૂ૦ | ૬૦ | સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના ૩૩૩–૧/૩ કહી છે |
| મૂ૦ | ૬૧ | સિદ્ધોની મધ્યમઅવગાહના ૪ હાથ+૧/૩ ભાગ ન્યૂન ૧ હાથ |
| મૂ૦ | ૬૨ | સિદ્ધોની જઘન્ય અવગાહના ૧ હાથ + ૮ અંગુલ |
| મૂ૦ | ૬૩ | જન્મ જરા મરણ મુક્ત થયેલને કોઈ લૌકિક આકાર ન હોય |
| મૂ૦ | ૬૪ | પરસ્પર અવગાઢ અનંત સિદ્ધો, લોકાંતે સ્પર્શ |
| મૂ૦ | ૬૫ | સર્વ આત્મપ્રદેશથી અનંત સિદ્ધોને સ્પર્શ કરી રહેલ |
| મૂ૦ | ૬૬ | સિદ્ધો અશરીરી, દર્શન+જ્ઞાનોપયુક્ત આદિ હોય |
| મૂ૦ | ૬૭ | કેવલી સર્વ પદાર્થોના ગુણ+પર્યાયને જાણે, ભાવોને જુએ |
| મૂ૦ | ૬૮ | સિદ્ધોને અવ્યાબાધ, શાશ્વત સુખની પ્રાપ્તિ |
| મૂ૦ | ૬૯ | દેવસુખને અનંતગણું કરો તો પણ મોક્ષસુખ સમ ન થાય |
| મૂ૦ | ૭૦ | સિદ્ધના સુખની રાશિ સંપૂર્ણ આકાશમાં ન સમાય |
| મૂ૦ | ૭૧ | જેમ મ્લેચ્છ, ઉપમા અભાવે નાગરગુણ વર્ણવી ન શકે... |
| મૂ૦ | ૭૨ | તેમ સિદ્ધોનુ સુખ અનુપમ છે, કોઈ ઉપમા નથી |
| મૂ૦ | ૭૩ | જેમ કોઈ ભોજન વડે ભૂખતરસથી મુક્ત થઇ તૃપ્તિ અનુભવે |
| મૂ૦ | ૭૪ | તેમ સર્વકાલતૃપ્ત સિદ્ધ પરમ સુખમા નિમગ્ન રહે છે |
| મૂ૦ | ૭૫ | તેઓ સિદ્ધ, બુદ્ધ, પારગત આદિ છે... |
| મૂ૦ | ૭૬ | સિદ્ધો બધા દુઃખોથી નિસ્તીર્ણ, અવ્યાબાધ સુખ અનુભવ |
| મૂ૦ | ૭૭ | અતુલ્ય સુખસાગર લીન, સર્વ કાળમાં સદા સુખી રહે. |
| | | |

**આગમ ૧૨ ‘ઔપપાતિક’ ઉપાંગસૂત્ર ૧ નો**
**મુનિ દીપરત્નસાગર રચિત સટીક વિષયાનુક્રમ પૂર્ણ**

| | | |
|---|---|---|
| | | |
| | | |

નમો નમો નિમ્મલદંસણસ્સ

# ૧૨.ઔપપાતિક
## સટીક વિષયાનુક્રમ


વિષયાનુક્રમ રચયિતા

आगम दीवाकर डो.मुनि दीपरत्नसागरजी

[ M.Com. M.Ed. Ph.D. श्रुतमहर्षि ]


આગમ સટીક વિષયાનુક્રમ શ્રેણી–૧૨